ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





કચ્છમાં વિદેશી મહેમાનો - જી-૨૦ના પ્રવાસન જુથની કાર્યકારી બેઠક કચ્છમાં આરંભાઈ છે... ત્યારે ધોરડો ખાતે વિદેશી મહેમાનોએ સફેદ રણની મજા માણી હતી... વહેલી સવારે અને મોડી સાંજે ઊંટગાડીમાં બેસીને સફેદ રણના પ્રાકૃતિક વૈભવનો આનંદ માણ્યો હતો... સાંજે ગુજરાતની સંસ્કૃતિની અભિવ્યક્તિ સમા સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળીને દેશ અને વિદેશના મહેમાનો અભિભૂત થઈ ગયા હતા... વિદેશી મહેમાનોની યજમાનગીરી ગુજરાતે મનમુકીને આવકાર આપ્યો હતો...

# સે-૧૭માં નવા એમએલએ ક્વાટર્સ બાંધવાની યોજના વનતંત્રની મંજુરીના અભાવે અટવાઈ

## જુના અને જોખમી આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી પરંતુ નડતરરૂપ વૃક્ષો દુર કરવાની દરખાસ્ત હજુ પેન્ડીંગ રહેતા વર્ક ઓર્ડરના અંતે પણ યોજનાનુ કામ ગતિમાં આવતુ નથી

ગાંધીનગર તા ૭

સે-૧૭ માં નવા સદસ્ય નિવાસ બાંધવા માટે ૧૨૦જેટલા જુના અને જોખમી આવાસોનો કડુસલો કરાયો છે. છ કક્ષાના ૨૦ જેટલા બ્લોક તોડી નાંખવામાં આવ્યા છે. જયારે જગ્યા ખુલ્લી થતા હવે યોજનાનુ કામ પણ આગળ વધારવા માટે આયોજન થઈ રહ્યુ છે. પરંતુ આ યોજનાને અનુલક્ષી હજુ વૃક્ષોને દુર કરવા માટેની દરખાસ્તને વનતંત્રએ મંજુરી આપી નથી જેના લીધે વર્ક ઓર્ડરના અંતે પણ કામમાં ગતિ આવી નથી. એમ એલ એ કવાર્ટસ બાંધવાની યોજના સંદર્ભે ભુમિપુજન વેળાએથી જ કામ વિલંબિત થતુ આવ્યુ છે. આ વિસ્તારમાં ૨૪૭ કરોડના ખર્ચે અદ્યતન આવાસ બાંધવાની યોજનાનુ કામ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં સે-૧૭ ખાતે નવા એમ એલ એ કવાટર્સ બાંધવા માટે ૨૮ હજાર ચો મી જગ્યાનો ઉપયોગ કરવામાં આવશે. જયારે આ જગ્યાએ હાલ વર્ષો જુના અને જોખમી મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જગ્યા ખુલ્લી થયા બાદ હવે આગામી દિવસોમાં નવા ફલેટ ટાઈપ આવાસો બાંધવાનુ કામ હાથ ધરાશે. નવા એમ એલ એ ક્વાટર્સની યોજના અન્વયે ૨૧૬ ફલેટ ટાઈપ મકાનો બાંધવામાં આવશે નવા સદસ્ય નિવાસની આ યોજના અન્વયે તમામ સુવિધાઓ ઉભી કરાશે અગાઉ ભુમિપુજનના અભાવે આ યોજનાનુ કામ પ્રારંભિક તબક્કાથી જ વિલંબમાં પડયુ હતુ. આ ઠેકાણે છ કક્ષાના ૧૨૦ જુના અને જર્જરિત મકાનોનો પણ નિકાલ કરવાનુ અનિવાર્ય હોવાથી આ મકાનો તોડવા માટે પણ ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવી છે. એમ એલ એ ક્વાટર્સના બાંધવાની યોજનાને અનુલક્ષી સંબંધિત એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો છે. જયારે જુના મકાનોનો પણ મોટાભાગે કડુસલો કરી દેવાયો છે. પરંતુ હજુ આ વિસ્તારમાં વૃક્ષોની કટોતી મામલે વનતંત્ર પાસે દરખાસ્ત પેન્ડીંગ છે. અલબત્ત યોજનાને અનુલક્ષીને નડતરરૂપ વૃક્ષોને કાપવા માટે વનતંત્રએ હજુ મંજુરી આપી નથી જેના લીધે નવા સદસ્ય નિવાસ બાંધવાની કામગીરી વધુ વિલંબમાં પડી છે. જો કે આ મામલે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી વનતંત્રને દરખાસ્ત રજુ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ મામલે કોઈ નિર્ણય લેવાયો નથી જયારે બીજીતરફ નવા એમ એલ એ કવાટર્સની યોજના આગળ વધારવાનુ કામ પણ અટવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# નવી જંત્રી જ અમલમાં રહેશે : સરકારનું સ્પષ્ટ વલણ

## નિયમમાં ફેરફાર હશે તો જણાવીશું : જંત્રીના ભાવ મામલે અસમંજસતા સર્જાતા મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટતા કરવા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યુ હતું

ગાંધીનગર, તા.૭

જંત્રીના ભાવ મામલે સ્પષ્ટતા કરતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, 'હાલ નવી જંત્રી અમલમાં રહેશે. સરકારે બિલ્ડરોની રજૂઆત સાંભળી છે.

નિયમમાં ફેરફાર હશે તો જાણ કરવામાં આવશે.' બિલ્ડર એસોસિએશન તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, ૧૦૦ ટકાની જગ્યાએ ૫૦ ટકા જંત્રી વધારવામાં આવે અને મે મહિનાથી તેનો અમલ કરવામાં આવે. પરંતુ હાલ સરકારે જે નક્કી કર્યુ છે તે જ અમલમાં રહેશે.

આ ઉપરાંત મંત્રીએ જણાવ્યુ હતુ કે, '૪ તારીખ સુધીમાં જેમણે દસ્તાવેજ લઈ લીધા હોય અને દસ્તાવેજ એક્ઝિક્યુટ થઈ ગયા હોય તે બધાને જૂની જંત્રી લાગુ પડશે. પરંતુ ૪ તારીખ પછી સ્ટેમ્પ પેપર ખરીદવામાં આવશે તો તેના પર નવી જંત્રી લાગુ પડશે.'

જંત્રી વધારા બાદ રાજ્યના ડેવલપર પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીને મળ્યું હતું. મુખ્યમંત્રી સાથે બિલ્ડરોએ બેઠક યોજી હતી. જે બાદ બિલ્ડર્સનું કહેવું છે કે, મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. મુખ્યમંત્રી સકારાત્મક હોવાનો બિલ્ડરોનો દાવો છે. અમદાવાદ ક્રેડાઈ સહિત ૪૦ સીટી ચેપટરના પ્રતિનિધિઓએ મુલાકાત કરી હતી.

જંત્રી ૧ મેથી લાગુ કરવા ડેવલપરની માંગ છે. જંત્રીમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવા માંગ છે. એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટરને અસર ના થાય એ રીતે જંત્રી લાગુ કરવા રજૂઆત કરી છે. આ બેઠકમાં મુખ્યમંત્રી ઉપરાંત મુખ્ય સચિવ અને મહેસુલ સચિવ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

બીજી તરફ આજથી જંત્રીના નવા ભાવ પણ એડહોક પ્રમાણે લાગુ કરાયા છે.

# મનપાએ વ્યવસાય વેરામાં અંદાજ મુજબ ૧૦૦ ટકાની સિદ્ધિ પ્રાપ્ત કરી

ગાંધીનગર, તા. ૭

વ્યવસાય વેરાની વસુલાતમાં ગાંધીનગર મહાનગરપાલિકાએ ૧૦૦ ટકાનો લક્ષ્યાંક સિદ્ધ કરવાની અનોખી સિદ્ધિ નોંધાવી છે.

વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં વ્યવસાયવેરાની આવકનો અંદાજ રૂ. ૧૧ કરોડનો રાખવામાં આવ્યો હતો જેની સામે અત્યાર સુધીમાં મનપાએ ૧૧.૧૫ કરોડની વસુલાત કરી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વ્યવસાય વેરા સમાધાન યોજના હેઠળ ગાંધીનગર મનપામાં ૭૨૮ વ્યવસાયકારોએ તેનો લાભ લીધો છે. આ યોજના અંતર્ગત રૂ. ૫૧.૪૧ લાખની માતબર રકમની વ્યાજ રાહત મેળવેલ છે.

મનપા દ્વારા વ્યવસાય વેરાની વસુલાત હજુ પણ વધશે તેવો અંદાજ રાખવામાં આવ્યો છે. વ્યવસાય વેરા સમાધાન યોજના અંતર્ગત નવા વ્યવસાયકારોને શોધી અને તેમના રજીસ્ટ્રેશન કરવા અંગેની હાલ કાર્યવાહી ચાલી રહી છે.

આ માટે ઝોનવાર ખાસ બેઠકોનું પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. વ્યવસાયવેરા સમાધાન યોજના ૩૧મી માર્ચ સુધી અમલી હોવાથી તેમાં નવુ રજીસ્ટ્રેશન મેળવનાર કરદાતાને વ્યાજ માફીનો સીધો લાભ મળી રહ્યો છે તે વાતને સારો પ્રતિસાદ સાંપડી રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મનપાની રચના પછી પ્રથમવાર આવકના સાધનોમાંથી ૧૦૦ ટકા વસુલાત થઈ હોવાની પ્રથમ ઘટના હોવાથી તંત્રમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# તલાટીઓ વસુલાત અંગે તેમજ ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટના વપરાશનો લઈ પ્રમાણપત્રો આપે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાના તલાટીઓને પંચાયતવેરાની વસુલાત અંગે તેમજ ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટ અંતર્ગત ૨૦૨૨-૨૩માં કયા કામો શરૂ થયા છે તે અંગેના પ્રમાણપત્રો તાલુકા વિકાસ અધિકારીની કાઉન્ટર સહિ સાથે જિલ્લાકક્ષાએ રજુ કરવાના આદેશો આપવામાં આવ્યા છે.

જિલ્લામાં પંચાયતવેરાની નબળી વસુલાત અંગે આજથી શરૂ થયેલ તલાટીઓ સાથેની સમીક્ષા બેઠકોનો આરંભ થયો છે. આજે પ્રથમ દિવસે ગાંધીનગર તાલુકાના તલાટીઓ અને તાલુકા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં વસુલાતના માંગણા સામેની નબળી વસુલાતને લઈ અધિકારીઓ ચોંકી ઉઠયા હતા. ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી વર્ષ ૨૨-૨૩ માં હજુ સુધી વહીવટીય અને તાંત્રિક મંજૂરીઓ પણ નહિ અપાયાની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી આખુ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના વન આરક્ષિત વિસ્તારમાંથી લારી ગલ્લાના ૧૦૦ દબાણો દુર કરાયા

## વન વિસ્તારમાં વધતા દબાણો દુર કરવા માટે ઝુંબેશ ચાલુ રહેશે : વન વિસ્તારમાં તુટેલી ફેન્સીંગના લીધે વધતા દબાણો સાથે ગંદકીનુ સામ્રાજય

ગાંધીનગર તા ૭

ગાંધીનગરનો વન વિસ્તાર હાલ દુવિધાઓનો ઢગ મંડરાયેલો છે. શહેરના સેકટરોમાં લારી ગલ્લાના અને ઝુંપડાના દબાણો વધી રહ્યા છે. રહેણાંક વિસ્તારને સમાંતર પણ દબાણોની કતાર જોવા મળે છે. જયારે તુટેલી ફેન્સીંગના લીધે વન વિસ્તાર ગંદકી અને દબાણોની ગિરફતમાં છે. વનતંત્ર દ્વારા વન વિસ્તારમાંથી દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરી છે. વનતંત્ર દ્વારા અત્યાર સુધીમાં અંદાજિત ૧૦૦ જેટલા લારી ગલ્લાના દબાણો દુર કરાયા છે. જયારે આગામી દિવસોમાં પણ દબાણ હટાવ કામગીરી ચાલુ રહેશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગરનો વન વિસ્તાર હાલ અનેકવિધ દુવિધાઓથી ઘેરાયેલો છે. શહેરમાં પાણી ગટરની નવી લાઈન નાખવામાં આવી રહી છે. આ ઉપરાંત માર્ગ વચાળે મેટ્રો રેલ પ્રોજેકટનુ કામ પણ ચાલી રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે માર્ગની એકબાજુએ પથરાયેલો વન વિસ્તાર જાણે હાલ પુરતો હાંસિયામાં ધકેલાઈ ગયો હોય તેવી સ્થિતિ છે.

શહેરના વન આરક્ષિત વિસ્તારમાં તુટેલી ફેન્સીંગ વચ્ચે ગંદકી અને દબાણોનો અડ્ડો જોવા મળે છે. રખડતા ઢોર માટે પણ વન વિસ્તાર આશ્રય સ્થાન બનતા હરિયળી સામે ખતરો મંડરાયો છે. વન વિસ્તારમાં લારી ગલ્લા અને ઝંપડાના દબાણો પણ વધી રહ્યા છે. જયારે રહેણાંક વિસ્તારની સમાંતર સ્થિત વન આરક્ષિત જગ્યામાં પણ ઝુંપડાઓની કતાર જોવા મળે છે. આ સ્થિતિના લીધે વન વિસ્તારમાં કચરાનો ઢગ જોવા મળે છે. વ


ન વિસ્તારની લાંબા સમયથી સફાઈ પણ થતી નથી આવા સંજોગોમાં વનતંત્ર દ્વારા વધતા દબાણો પર રોક લગાવવા માટે છેલ્લા બે સપ્તાહથી દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં અગાઉ ખ માર્ગ પરથી પણ લારી ગલ્લાના દબાણો દુર કરાયા હતા. નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર પણ વન વિસ્તારમાં દબાણો અસ્તિત્વ ધરાવે છે.

આ ઉપરાંત નગરના આડા ઉભા માર્ગો આસપાસ સ્થિત વન વિસ્તારની જગ્યામાં તક મળતા જ લારી ગલ્લા તેમજ ઝુંપડા તાંણી બાંધવામાં આવે છે. વનતંત્રએ આ ઝુંબેશ દરમિયાન અત્યાર સુધીમાં અંદાજિત ૧૦૦ જેટલા લારી ગલ્લાના દબાણો દુર કર્યા છે.

જયારે આગામી દિવસોમાં પણ આ દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહેશે પરંતુ હાલ સેકટરોમા પાણી ગટર યોજનાને અનુલક્ષી નવી લાઈન નાંખવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જેના લીધે વન વિસ્તારમાં ફેન્સીંગનુ નવિનીકરણ હાલ કરવામાં આવશે નહીં પરંતુ દબાણો દુર કરવા માટે વનતંત્ર સક્રીય રહેશે.

# જિલ્લા પંચાયતના શૌચાલયોની સફાઈનો વિવાદ ફરી વકર્યો







ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયતના શૌચાલયોની સ્વચ્છતા અંગે ફરી એકવાર વિવાદ ઉભો થયો છે. જિલ્લાની સરકારી કચેરીઓમાં શૌચાલયોની નિયમિત સફાઈ નહિ થતી હોવાની વાતો વારંવાર અખબારોના પાને ચમકી ચુકી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં શૌચાલયોની સફાઈ થતી નથી તેમજ તેના લીકેજીસને કારણે દિવાલો પર સ્પષ્ટ ધાબા પડી ગયેલા પણ બહાર દેખાય છે. જોકે તંત્ર દ્વારા પંચાયત સંકુલની સ્વચ્છતા બાબતે પહેલેથી ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે.

એક તબક્કે સ્વચ્છતા માટે જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન અનિલ પટેલ તેમના વિસ્તારમાંથી સફાઈ માટે માણસો લઈ આવ્યા હતા અને સંકુલની સફાઈ કરાવડાવી હતી.

જિલ્લા પંચાયતના ભોંયતળિયે આવેલ શૌચાલયમાં તો ગટરલાઈન ઉભરાઈ રહી છે. એટલુ જ નહિ યુરિનલના ટબ પણ છલોછલ ભરાઈ જવા પામ્યા છે. શૌચાલયોની સફાઈ માટે જે ઉદાસીન વલણ દાખવવામાં આવી રહ્યુ છે તે ફરી એકવાર ચર્ચામાં આવ્યુ છે.

એક તરફ સ્વચ્છ ગામ અને સ્વચ્છતા અભિયાનની મોટી મોટી વાતો ગ્રામ્ય વિસ્તારમાં જઈ વાતો કરતા અધિકારીઓ પંચાયતની જિલ્લાની કચેરી માટે જ કેમ આવુ વલણ દાખવી રહ્યા છે તે ચિંતાનો વિષય બન્યો છે. કર્મચારીઓમાં પણ ગંદકીના કારણે રોગચાળો થવાનો ભય ઉભો થયો છે.

સ્વચ્છતાના અભાવે જ સમિતિના ચેરમેનો પંચાયતની કચેરીમાં નહિ આવતા હોવાની ચોંકાવનારી વાત એક સમિતિના ચેરમેને નામોલ્લેખ નહિ કરવાની શરતે કહી હતી. જિલ્લા પંચાયતનું મકાન જર્જરિત થયુ છે અને તેની મરામત તેમજ નિભાવણી અને જાળવણી માટેની ગ્રાન્ટમાંથી હવે નોનયુઝ જાહેર થયેલા બિલ્ડીંગમાં નહિ વાપરવાનો નિર્ણય લેવાયો હોવાની વાત પણ ચર્ચામાં બહાર આવી છે.

# પ્રાકૃત્તિક ખેતીનો વ્યાપ વધારવા ગ્રામસેવકોની સક્રિયતા વધારો : ડીડીઓ

ગાંધીનગર, તા. ૭

જિલ્લામાં પ્રાકૃત્તિક ખેતીનો વ્યાપ વધે તે માટે ગ્રામસેવકોની સક્રિયતા વધારવામાં આવે તેમજ આત્મા પ્રોજેક્ટની ટીમ અને જિલ્લા ખેતીવાડી શાખાની ટીમ સુયોગ્ય સંકલન સાથે આગળ વધે તે માટેની તાકીદ આજે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે કરી હતી.

જિલ્લામાં પ્રાકૃત્તિક ખેતીને લઈ આજે બોલાવેલી બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ દરેક ગામમાં પ્રાકૃત્તિક ખેતીનો વ્યાપ વધે તેમજ તેના ઉત્પાદનોના માર્કેટીંગ માટે તાલુકાના ખેત બજારોમાં યોગ્ય પ્લેટફોર્મ ઉભુ કરવામાં આવે તે જોવા પણ જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં પ્રાકૃત્તિક ખેતી માટે ખેડૂતોને સતત પ્રોત્સાહન મળે તે માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવે તે પણ જરૂરી છે. તેમણે જિલ્લામાં પ્રાકૃત્તિક ખેતી માટે ખેડૂતો સાથે ગ્રામસેવકો સંપર્ક સતત રાખે અને તેમની સક્રિયતા જેટલી વધુ હશે તેટલો ફાયદો ખેડૂતોને થશે આ માટે જરૂર પડ્યે "કિસાનગોષ્ઠી" જેવા સંવાદના કાર્યક્રમો પણ યોજવામાં આવે.

તેમણે જિલ્લામાં પ્રાકૃત્તિક ખેતીનો વ્યાપ વધે તે માટે આત્મા પ્રોજેક્ટ અને જિલ્લા ખેતીવાડી શાખા દ્વારા સંયુક્ત પ્રયાસો કરવામાં આવે તે પણ જરૂરી હોવાનું જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ કે પ્રાકૃત્તિક ખેતીને કારણે જમીનની ફળદ્રુપતા સુધરશે તેમજ રાસાયણીક ખાતરોનો વપરાશ ઘટશે અને જીવનધોરણમાં પણ સુધારો જોવા મળશે. પ્રાકૃત્તિક ખેતીની સાચી સમજ ખેડૂતો સુધી પહોંચે તે માટે ગ્રામસવકોની સક્રિયતા અંગે દર પંદર દિવસે સમીક્ષા બેઠકો પણ યોજવી જોઈએ.

આ બેઠકમાં આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ, જિલ્લા ખેતીવાડી અધિકારી કચેરીના અધિકારીઓ, જિલ્લા પશુપાલન અધિકારી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પેથાપુરને નવા જંત્રી દરમાંથી બાકાત રાખવા રજુઆત

## આસપાસના ગામો કરતા પણ વધુ જંત્રી દર છેલ્લા ૧૨ વર્ષથી અમલમાં છે આ સ્થિતિ વચ્ચે ગામનો વિકાસ રૂંધાયો હોવાથી સ્થાનિકો આગ બબુલા : આગામી દિવસોમાં મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવશે : કરણસિંહ વાઘેલા

ગાંધીનગર તા ૭

પેથાપુરમાં જંત્રીના બમણાં વધારા બાદ સ્થાનિકો આગ બબુલા બન્યા છે. વર્ષ ૨૦૧૧ માં પેથાપુરમાં આસપાસના ૧૦ ગામોની સરખામણીએ જંત્રીમાં ૭૦ ટકાનો વધારો થયો હતો. આ વેળો અન્ય ગામોમાં જંત્રીનો દર રૂ ૫૦૦ હતો જયારે પેથાપુરમાં ૨૫૦૦ કરાયો હતો. જયારે જંત્રીદરના આ વધારા સંદર્ભે રજુઆતો બાદ ૧૨ વર્ષના અંતે પણ કોઈ ફેરફાર કરાયો નથી.આ સ્થિતિ વચ્ચે આસપાસના અન્ય ગામોની સરખામણીએ જંત્રીના દરમાં તોતિંગ વધારો પેથાપુર માટે વિલનરૂપ પુરવાર થયો છે. આવા સંજોગોમાં બજાર કીંમત ૩૦ લાખ હોય ત્યારે વેચાણ દસ્તાવેજ રૂ ૧ કરોડનો થાય તેવી સ્થિત ઉદભવી છે. જયારે જંત્રીદરમાં તોતિંગ વધારાના લીધે ડેવલપર્સ અને રોકાણકારો પેથાપુર તરફ નજર માંડતા નથી. હાલ ગામની ૮૦ટકા જમીન નવી શરતની છે. જયારે વર્ષ ૨૦૧૧ ના ભાવ વધારા બાદ પણ કોઈ સુધારો કરાયો નથી ત્યારે હાલ જંત્રી દરમાં બમણો વધારો કરવાની બદલે જુનો દર યથાવત રાખવા માટે પણ પ્રબળ રજુઆત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૧ અને ૨૦૨૩ ના પરિપત્રોનુ મુલ્યાંકન કરી ખાતેદારોને નુકશાન ન થાય તે માટે પેથાપુર ગામને નવા જંત્રી દરમાંથી બાકાત રાખવા માટે રજુઆતમાં જણાંવાયુ છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય કરણસિંહ વાઘેલાએ આ અંગે મુખ્યમંત્રીને રજુઆતમાં જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૧ માં પેથાપુરમાં અન્ય ગામોની સાપેક્ષમાં જંત્ર દરમાં તોતિંગ વધારો કરાયો હતો. સરકારે કેપિટલ સીટી પ્રતિબંધ ઉઠાવી એકબીજા નગર પાલિકાને મહાનગરપાલિકામાં ટી પી સ્કીમ જાહેર કરત માત્ર અને માત્ર પેથાપુર બાદ કરતા આસપાસના બધા ગામોનો આર્થિક સામાજિક અને રહેણાંકના દ્રષ્ટિકોણથી બહુ જ સારો વિકાસ થયો હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. પરંતુ પેથાપુર ગામની જંત્રીના ભાવ વધારાના લીધે અન્ય તમામ ગામોની સરખામણીમાં ખુબ જ વધુ હોવાથી પેથાપુર ગામના વિકાસ પર બ્રેક વાગી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com